તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

Daman 17 December, 2018

વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં

# શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા ધરમપુર ખાતે નિઃશુલ્ક પશુ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**ધરમપુર, તા.૧૬**

વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા નિઃશુલ્ક પશુ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે વિશેષ ઉપસ્થિત રહી પશુઓની થઇ રહેલી સારવારનું જાત નિરીક્ષણ કરી ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. આ અવસરે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે જીવદયા મૈત્રીધામ ખાતે પશુઓ માટે બનાવવામાં આવનાર પશુ ચિકિત્સા કેન્દ્રના મકાનનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમાજ પરિવર્તન માટે સૌએ દયાભાવનાના દરેક કાર્યોમાં સહભાગી બની કરૂણતાનો ભાવ રાખવો જરૂરી છે. આદિજાતિ વિસ્તારોના પશુપાલકો માટે સેવાકીય કામગીરી કરનાર શ્રીમદ રાજચંદ્ર મિશનની ભાવનાની બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. મૂંગા પશુઓ માટે દયાભાવના રાખી

-વધુ પેજ ૧૧ પર

**(છેલ્લા પાનાનું ચાલુ) શ્રીમદ્ રાજચંદ્ર...**

સારામાં સારવાર મળે તે પ્રકારનું આયોજન આવકારદાયક છે. આ સંસ્થા પાસેથી પ્રેરણા લઇ સમાજસેવાના કાર્યો કરવા જોઇએ, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા પણ પશુપાલકો માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે, જેનો લાભ લેવા પણ મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. પશુચિકિત્સા કેન્દ્રના નિર્માણ માટે રાજ્ય સરકારના સહયોગની ખાતરી પણ મંત્રીશ્રીએ આપી હતી. ધરમપુર અને કપરાડા વિસ્તારના આદિવાસીઓ પશુપાલન અને ખેતીવાડી ક્ષેત્રે આગળ વધી રહ્યા છે, જેઓ માટે આ પ્રકારના કેમ્પ ખૂબ જ ઉપયોગ બની રહેશે તેવી આશા મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

ધારાસભ્ય અરવિંદભાઇ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા યોજાયેલો પશુ નિદાન અને સારવાર કેમ્પ આ વિસ્તારના પશુપાલકો માટે આશીર્વાદરૂપ છે.

આ કેમ્પમાં ૧૩૦૦ જેટલા પશુઓના રોગનું નિદાન કરી સારવાર આપી જરૂરિયાત મુજબ રસી, ઓપરેશન, શસ્ત્રક્રિયા કરવા ઉપરાંત દવાનું વિતરણ પણ કરાયું હતું. અહીં પશુઓ લઇને આવેલા પશુપાલકો માટે પણ મેડીકલ કેમ્પનું આયોજન કરાયું હતું.

આ અવસરે પશુપાલન વિભાગના અધિકારીઓ, શ્રીમદ રાજચંદ્ર આશ્રમના મહેશભાઇ ખોખાણી, ડો.ડી.સી.પટેલ, ડો.અશોકભાઇ શાહ, સંજયભાઇ, શ્રીમદ રાજચંદ્ર મિશનના સભ્યો, દાતાઓ, અગ્રણીઓ, પશુપાલકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.